## - :: વાર્ષિક સાધારણ સભાની નોટીસ :: -

આથી બેન્કના સર્વે સભાસદોને જણાવવાનું કે, બેન્કની ૪૨ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૦૬-૨૦૨૫, રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ - ઈન્ડસ્ટ્રીઝ, " ધીરૂભાઈ અંબાણી વાણિજય ભવન ", સુભાષ બ્રીજ પાસે, જામનગર - રાજકોટ હાઈવે, જામનગર ખાતે નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી માટે મળશે, તો આપશ્રીને સમયસર હાજરરહેવા વિનંતી છે.

**-:: એ જ ન્ડા ::-**

(૧) તા. ૨૧-૦૭-૨૦૨૪ ના રોજ વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ ની મળેલ સાધારણ સભાની મીનીટસને વંચાણે લેવા તથા બહાલી આપવા બાબત.

(૨) વર્ષ ૨૦૨૪ -૨૦૨૫ ના કામકાજનો અહેવાલ તથા તા. ૩૧-૦૩-૨૦૨૫ ના રોજ પુરા થતાં વર્ષના ઓડિટેડ વાર્ષિક હિસાબો, ઓડીટર્સ રીપોર્ટ વગેરેની નોંધ લેવા તથા બહાલી આપવા બાબત.

(૩) ૨૦૨૪ - ૨૦૨૫ ના વર્ષના ચોખ્ખા નફા રૂા. ૬૫,૪૭,૩૫૪-૨૫ ની બોર્ડ ઓફ ડાયરેકટર્સે કરેલ ભલામણ મુજબની ફાળવણી મંજુર કરવા બાબત.

(૪) બેન્કના મુદતવિતિ બાકીદારો પાસેથી કરેલ વસુલાતની તેમજ બોર્ડ દ્વારા માંડવાળ કરવા માટે ભલામણ કરવામાં આવેલ ખાતાઓની નોંધ લઈ, બહાલી આપવા બાબત.

(૫) બેન્કના કોન્કરન્ટ ઓડીટર તથા સ્ટેચ્યુટરી ઓડીટરની કરેલ નિમણૂંકને બહાલી આપવા બાબત.

(૬) બાયલોઝમાં જરૂરી સુધારા વધારા કરવા બાબત.

(૭) ચેરમેનશ્રી અગર તેમની મંજુરીથી જે કંઈ રજુઆત થાય તેની ઉપર વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા અંગે.

બોર્ડ ઓફ ડાયરેકટર્સની સુચનાથી
બિમલકુમાર એ. પટેલ
(મુખ્ય કાર્યકારી અધિકારી)

જામનગર.
તારીખ : ૧૨-૦૬-૨૦૨૫

**નોંધ :-**

(૧) જો કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો પેટા નિયમની જોગવાઈ અન્વયે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મુળ સભાએ કરવાના કામો માટે મળશે જેને કોરમનો બાધ રહેશે નહીં.

(૨) સભાસદ સિવાયની અન્ય વ્યકિતને સભામાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહીં.

(૩) સભાસદોને વાર્ષિક અહેવાલની નકલ બેન્કની કચેરીએથી કામકાજના સમય દરમ્યાન મળી શકશે.

(૪) સભાસદશ્રીઓને વાર્ષિક સાધારણ સભામાં કોઈ પ્રશ્ન પૂછવાના થતાં હોય તો બેન્કની મેઈન ઓફીસ, ગ્રેઈન માર્કેટ, જામનગરને સાધારણ સભાની તારીખથી સાત દિવસ પહેલા લેખિતમાં જણાવવું જરૂરી છે, જેથી ખુલાસો આપવામાં સરળતા રહે.